**જાહેરનામું**
નાણા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૯.

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંકઃ (જીએન-૮) પીજીઆર-૧૦૦૯-૨-પે સેલ (એમ)**:- ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નીચેના નિયમો કરે છેઃ-

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભઃ-**

(૧) આ નિયમો ગુજરાત મુલકી સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૦૯ કહેવાશે.

(૨) તે સન ૨૦૦૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે અમલમાં આવ્યા હોવાનું ગણાશે.

૨. **કયા વર્ગના સરકારી કર્મચારીઓને આ નિયમો લાગુ પડે છે તે બાબતઃ-**

(૧) આ નિયમોથી અથવા તે હેઠળ અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય, આ નિયમો ગુજરાત રાજ્યના કામકાજ સાથે સંબંધ ધરાવતી મુલકી સેવાઓ અને જગાઓ ઉપર નીમાયેલી વ્યક્તિઓને લાગુ પડશે.

(૨) આ નિયમો નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ,-

(ક) પૂર્ણકાલિક નોકરીમાં ન હોય તેવી વ્યક્તિઓને;

(ખ) આકસ્મિક ફંડમાંથી જેમનો પગાર ચૂકવાતો હોય તેવી વ્યક્તિઓને;

(ગ) માસિક ધોરણે હોય તે સિવાય અન્યથા પગાર ચૂકવવામાં આવતો હોય તેવી વ્યક્તિઓને, જેમાં **માત્ર** છૂટક દરના ધોરણે જેમનો પગાર ચૂકવાતો હોય તેવી વ્યક્તિઓનો સમાવેશ થાય છે;

(ઘ) કામ પૂરતા મહેકમ પર અથવા દૈનિક દરના ધોરણે અથવા પ્રાસંગિક રીતે કામે રાખેલી વ્યક્તિઓને. સિવાય કે આવી વ્યક્તિઓની બાબતમાં, સરકાર રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને અન્યથા જોગવાઈ કરે;

(ચ) કરારથી અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય કરારથી કામે રાખેલી વ્યક્તિઓને,

(છ) નિવૃત્તિ વયનું અથવા નિવૃત્ત થતી વખતનું પેન્શન રાજ્યના એકત્રિત ફંડમાંથી ચૂકવવામાં આવતું હોય કે ન હોય તે બાબતને લક્ષમાં લીધા સિવાય, આવું પેન્શન મેળવતી સરકારી નોકરીમાં **ફરી** રાખેલી હોય તેવી વ્યક્તિઓને;

(જ) એકત્રિત પગાર પદ્ધતિ અથવા ફિક્સ્ડ (નિયત) પગાર પદ્ધતિ પ્રમાણે કામે રાખેલી વ્યક્તિઓને;

(ઝ) સરકાર હુકમ કરીને બીજા કોઈ વર્ગ અથવા કક્ષાની જે વ્યક્તિઓને ખાસ રીતે આ નિયમોની **તમામ** અથવા કોઈપણ જોગવાઈઓના અમલમાંથી બાકાત રાખે તે વર્ગ અથવા કક્ષાની વ્યક્તિઓને.

૩. **વ્યાખ્યાઃ**- આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો-

(૧) **"વિદ્યમાન મૂળ પગાર"** એટલે સ્થગિતતા ઈજાફા સહિત ઠરાવેલા વિદ્યમાન પગાર-ધોરણ પ્રમાણે **મળતો** પગાર, પરંતુ તેમાં ખાસ પગાર વગેરે જેવા બીજા કોઈ પ્રકારના પગારનો સમાવેશ થતો નથી;

(૨) સરકારી કર્મચારીના સંબંધમાં **"વિદ્યમાન પગાર-ધોરણ"** એટલે કાયમી અથવા અવેજી હેસિયતથી **સને** ૨૦૦૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે હોય તે પ્રમાણે સરકારી કર્મચારી અથવા ઉચ્ચતર **પગાર** ધોરણની યોજના અનુસાર પગાર-ધોરણ મેળવતા સરકારી કર્મચારીના કિસ્સામાં તેણે ધરાવેલી જગાને **લાગુ** પડતું હાલનું પગાર-ધોરણ (અથવા, યથાપ્રસંગ, તેને લાગુ પડતું અંગત પગાર-ધોરણ).

નોંધઃ- ઉચ્ચતર પગાર-ધોરણ યોજના ભારત સરકારના હુકમો જ્યારે અને જેમ બહાર પડે તે પ્રમાણે ફેરવિચારણાને અધીન રહેશે.

**સ્પષ્ટીકરણઃ**- જે સરકારી કર્મચારી, સન ૨૦૦૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખના રોજ ભારત બહાર પ્રતિનિયુક્તિ (ડેપ્યુટેશન) ઉપર હોય અથવા રજા ઉપર હોય અથવા રાજ્યેતર સેવામાં હોય તે સરકારી કર્મચારી અથવા ઉપલી જગા ઉપર અવેજી ધોરણે કામ કર્યું ન હોત તો તે તારીખે જે સરકારી કર્મચારીએ એક અથવા વધુ નીચલી જગાઓ ઉપર અવેજી ધોરણે કામ કર્યું હોત તે સરકારી કર્મચારીના કિસ્સામાં, ''વિદ્યમાન પગાર-ધોરણ''માં તે ભારત બહાર પ્રતિનિયુક્તિ (ડેપ્યુટેશન) ઉપર અથવા રજા ઉપર અથવા રાજ્યેતર સેવામાં ન હોત, અથવા, યથાપ્રસંગ, તેણે ઉપલી જગા ઉપર અવેજી ધોરણે કામ કર્યું ન હોત, તો જે જગા તેણે ધરાવી હોત તે જગાને લાગુ પડતા પગાર-ધોરણનો સમાવેશ થાય છે;

(૩) ''**સરકાર**'' એટલે ગુજરાત સરકાર;

(૪) ''**વિદ્યમાન મળતર**'' એટલે (૧) વિદ્યમાન મૂળ પગાર, (૨) મૂળ પગારને અનુરૂપ મોંઘવારી પગાર અને (૩) મૂળ પગારને અનુરૂપ મોંઘવારી ભથ્થાની રકમ વત્તા સરેરાશ સૂચકાંક ૫૩૬ (૧૯૮૨=૧૦૦) પ્રમાણેનો મોંઘવારી પગાર;

(૫) અનુસૂચિ 'ગ'ના કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલી કોઈપણ જગાના સંબંધમાં ''**હાલનું પગાર ધોરણ**'' એટલે તે અનુસૂચિના કોલમ (૩)માં તે જગા સામે નિર્દિષ્ટ કરેલું અને અનુસૂચિ ''ક''માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનું પગાર-ધોરણ;

(૬) ''**પે બેન્ડ પ્રમાણેનો પગાર**'' એટલે અનુસૂચિ 'ગ'ના કોલમ ૫માં નિર્દિષ્ટ કરેલા રનીંગ પે બેન્ડ પ્રમાણે મળતો પગાર;

(૭) ''**ગ્રેડ પે**'' અનુસૂચિ 'ગ'ના કોલમ ૬માં નિર્દિષ્ટ કરેલા સુધાર્યા પૂર્વેના પગાર-ધોરણ/જગાઓને અનુરૂપ નિયત રકમ છે;

(૮) અનુસૂચિ 'ગ'ના કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલી કોઈ જગાના સંબંધમાં ''**સુધારેલું પગાર માળખું**'' એટલે નિર્દિષ્ટ કરેલી જગાની સામે તેના કોલમ (૫) અને (૬)માં નિર્દિષ્ટ કરેલા પે બેન્ડ અને ગ્રેડ પે, સિવાય કે તે જગા માટે જુદા સુધારેલા પે બેન્ડ અને ગ્રેડ પે અથવા પગાર-ધોરણ અલગથી જાહેર કર્યા હોય;

(૯) સુધારેલા પગાર માળખામાંનો ''**મૂળ પગાર**'' એટલે ઠરાવેલા પે બેન્ડ પ્રમાણે મળતો પગાર વત્તા લાગુ પડતો ગ્રેડ પે, પરંતુ તેમાં ખાસ પગાર વગેરે જેવા બીજા કોઈપણ પ્રકારના પગારનો સમાવેશ થતો નથી;

(૧૦) ''**સુધારેલા મળતર**'' એટલે સુધારેલા પગાર માળખામાંનો સરકારી કર્મચારીનો પે બેન્ડમાં પગાર વત્તા ગ્રેડ પે અથવા મૂળ પગાર અને તે ઉપરાંત સુધારેલું ખાનગી વ્યવસાયબંધી બદલ સુધારેલું ભથ્થું જો મળવાપાત્ર હોય તો તેનો સમાવેશ થાય છે;

(૧૧) ''**અનુસૂચિ**'' એટલે આ નિયમો સાથે જોડેલી અનુસૂચિ.

૪. **જગાનું પગાર-ધોરણઃ**- અનુસૂચિ 'ગ'ના કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલી દરેક જગાના પે બેન્ડ અને ગ્રેડ પે, તેની સામે તેના કોલમ (૫) અને (૬)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના અને અનુસૂચિ ''ક''માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના રહેશે

૫. **સુધારેલા પગાર માળખામાં પગાર મેળવવા બાબતઃ**- આ નિયમોમાં અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય, કોઈ સરકારી કર્મચારી તેને જે જગા ઉપર નિમવામાં આવ્યો હોય તે જગાને લાગુ પડતા સુધારેલા પગાર માળખામાં પગાર મેળવશે;

પરંતુ કોઈ સરકારી કર્મચારીને જે તારીખે વિદ્યમાન પગાર-ધોરણમાં તેનો આગામી અથવા ત્યાર પછીનો કોઈ વધારો મળે નહિ તે તારીખ સુધી અથવા તે તેની જગા ખાલી ન કરી દે ત્યાં સુધી અથવા તે પગાર ધોરણમાં તેને પગાર મળતો બંધ થાય ત્યાં સુધી, તે વિદ્યમાન પગાર-ધોરણમાં પગાર લેવાનું ચાલુ રાખવાનું પસંદ કરી શકશે.

વધુમાં બઢતી, પગાર-ધોરણનું અપગ્રેડેશન (પગાર-ધોરણ ઊંચુ લાવવું) વગેરે કારણોસર, કોઈ સરકારી કર્મચારીને, સન ૨૦૦૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખ અને આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખ વચ્ચેના સમયગાળામાં ઉચ્ચતર પગાર-ધોરણમાં મૂકવામાં આવે, તો તે સરકારી કર્મચારી આવી બઢતી, અપગ્રેડેશન (પગાર-ધોરણ ઊંચુ લાવવા)ની તારીખથી સુધારેલા પગાર માળખામાં પગાર ફેરવવાનું પસંદ કરી શકશે.

સ્પષ્ટીકરણ ૧:- આ નિયમના પરંતુકો હેઠળ વિદ્યમાન પગાર-ધોરણ ચાલુ રાખવાનો વિકલ્પ એક વિદ્યમાન પગાર-ધોરણના સંબંધમા જ મળવાપાત્ર રહેશે.

સ્પષ્ટીકરણ ૨:- સન ૨૦૦૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે અથવા ત્યાર પછી સરકારી નોકરીમાં પ્રથમ વાર અથવા અન્ય જગા ઉપરથી બદલી કરીને કોઈ જગા ઉપર નીમાયેલી કોઈપણ વ્યક્તિને ઉપર્યુક્ત વિકલ્પ મળવાપાત્ર થશે નહિ અને તેને સુધારેલા પગાર માળખામાં જ પગાર લેવાની છૂટ આપવામાં આવશે.

સ્પષ્ટીકરણ ૩:- કોઈ સરકારી કર્મચારી, ગુજરાત મુલકી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ના નિયમો ૧૧ અને ૧૩ હેઠળ અથવા તે જગાને લાગુ પડતા બીજા કોઈ નિયમ અથવા હુકમ હેઠળ, તે પગાર-ધોરણમાં, પગાર નિયમિત કરવાના હેતુ માટે, નિયમિત ધોરણે અવેજી હેસિયતથી પોતે ધરાવેલી જગાના સંબંધમાં વિદ્યમાન પગાર-ધોરણ રાખવાનો વિકલ્પ, આ નિયમના પરંતુકો હેઠળ વાપરે, ત્યારે તેનો કાયમી (મૂળ) પગાર, જે કાયમી જગા ઉપર તે ધારણાધિકાર ધરાવતો હોય અથવા તેનો ધારણાધિકાર મોકૂફ રાખવામાં આવ્યો ન હોત તો જે કાયમી જગા ઉપર તેણે ધારણાધિકાર ધરાવ્યો હોત, તે કાયમી જગાના સંબંધમાં તેણે વિદ્યમાન પગાર-ધોરણ રાખ્યું હોત તો, તેને જે કાયમી (મૂળ) પગાર મળ્યો હોત તે કાયમી (મૂળ) પગાર અથવા અવેજી જગાના જે પગારે તત્સમયે અમલમાં હોય તેવા કોઈ હુકમ અનુસાર કાયમી (મૂળ) પગારનું સ્વરૂપ પ્રા કર્યું હોય તે પગાર, એ બેમાંથી જે વધુ હોય તે રહેશે.

૬. **વિકલ્પ વાપરવા બાબતઃ-**

(૧) નિયમ-૫ ના પરંતુકોમાં ઉલ્લેખેલો વિકલ્પ, આ નિયમો સાથે જોડેલા નમૂના-૧ પ્રમાણે લેખિતમાં વાપરવો જોઈશે અને આ નિયમોની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રણ મહિનાની અંદર અથવા વિદ્યમાન પગાર-ધોરણ કોઈ હુકમથી અથવા તે તારીખ પછી આ નિયમોમાં કરેલા કોઈ સુધારાથી સુધારવામાં આવ્યું હોય ત્યારે, આવા હુકમ અથવા સુધારાની પ્રસિદ્ધિની તારીખથી ત્રણ મહિનાની અંદર, પેટા-નિયમ (૨)માં જણાવેલા સત્તાધિકારીને તેની જાણ કરવી જોઈશે;

પરંતુ

(ક) સરકારી કર્મચારી આવી પ્રસિદ્ધિની તારીખે અથવા યથાપ્રસંગ, આવા હુકમની તારીખે ભારત બહાર રજા ઉપર હોય અથવા પ્રતિનિયુક્તિ (ડેપ્યુટેશન) ઉપર હોય અથવા રાજ્યેતર સેવામાં અથવા સક્રિય સેવામાં હોય તેવા કિસ્સામાં, સદરહુ વિકલ્પ, ભારતમાં પોતાની જગાનો ચાર્જ લીધાની તારીખથી ત્રણ મહિનાની અંદર સદરહુ સત્તાધિકારીને પહોંચે (જાણ થાય) તેવી રીતે લેખિતમાં વાપરવો જોઈશે; અને

(ખ) તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ સરકારી કર્મચારી ફરજમોકૂફી હેઠળ હોય ત્યારે, તેની ફરજ ઉપર તે પાછો આવે તે તારીખથી ત્રણ મહિનાની અંદર, જો તેવી તારીખ આ પેટા-નિયમમાં ઠરાવેલી તારીખ કરતાં પછીની તારીખ હોય તો, એવો વિકલ્પ વાપરી શકશે.

(૨) પેટા-નિયમ(૧)માં ઉલ્લેખેલ વિકલ્પની જાણ, સરકારી કર્મચારીએ,-

- (ક) એવો સરકારી કર્મચારી, ખાતાનો વડો હોય તો, પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર-ને અથવા યથાપ્રસંગ, અમદાવાદ-ને;
- (ખ) એવો સરકારી કર્મચારી, ખાતાના વડા સિવાયનો રાજપત્રિત અધિકારી હોય તો, ખાતાના વડાને,
- (ગ) એવો સરકારી કર્મચારી, બિન-રાજપત્રિત અધિકારી હોય તો, જેમાં સરકારી કર્મચારીને નિમ્યો હોય તે ખાતાના વડા અથવા કચેરીના વડાને.

(૩) પેટા-નિયમ(૧)માં ઠરાવેલી સમયમર્યાદામાં, વિકલ્પને અંગેની જાણ નહિ કરવામાં આવે તો, તે સરકારી કર્મચારીએ, તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૬ની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સુધારેલ પગાર ધોરણ લાગુ પાડવાનો વિકલ્પ પસંદ કર્યો હોવાનું માની લેવામાં આવશે.

(૪) એકવાર વાપરવામાં આવેલ વિકલ્પ આખરી ગણાશે.

**નોંધ ૧.**- તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ અથવા ત્યારપછી, મંજૂર કરેલી જગાઓની સમાપ્તિને લીધે ફરજમુકિત, રાજીનામા, બરતરફી અથવા ફરજમુકિત(રૂખસદ) અથવા શિસ્તવિષયક કારણોસર, જેની સેવાઓનો અંત આવવાને કારણે ઠરાવેલી સમયમર્યાદામાં વિકલ્પની પસંદગી ન કરી શકી હોય તેવી વ્યકિતઓ, આ નિયમ હેઠળના લાભો મેળવવાને હકદાર રહેશે.

**નોંધ ૨.**- તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ અથવા તે પછી મૃત્યુ પામેલી અને ઠરાવેલી સમયમર્યાદામાં વિકલ્પની પસંદગી ન કરી શકી હોય તેવી વ્યકિતઓએ, તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૬ની તારીખે અને તે તારીખથી અથવા સુધારેલ પગાર ધોરણ વધુ અનુકૂળ હોય તો, તેઓના આશ્રિતોને સૌથી વધુ લાભકારક હોય તેવી પછીની તારીખથી, સુધારેલ પગાર ધોરણનો વિકલ્પ પસંદ કરેલ હોવાનું માની લેવામાં આવશે. અને આવા કિસ્સાઓમાં, કચેરીના વડાએ, એરિયર્સ(બાકી રકમ)ની ચુકવણી માટેના જરૂરી પગલાં લેવા જોઇશે.

**નોંધ ૩.**- તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ પ્રા રજા અથવા બીજી કોઇ રજા ઉપર હોય અને જેનાથી રજા પગાર માટે હકદાર થતી હોય તેવી વ્યક્તિઓ, આ નિયમ હેઠળના લાભો માટે હકદાર થશે.

**૭. સુધારેલા પગાર ધોરણમાં પ્રારંભિક પગાર નકકી કરવા બાબત:-**

(૧) તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ અને તે તારીખથી, નિયમ ૬ના પેટા-નિયમ(૩) હેઠળ સુધારેલ પગાર ધોરણ પ્રમાણેનો વિકલ્પ પસંદ કરે અથવા તેણે પસંદ કર્યો હોવાનું ગણાતું હોય તેવા સરકારી કર્મચારીનો પ્રારંભિક પગાર, કોઇપણ કિસ્સામાં સરકાર, ખાસ હુકમથી અથવા અન્યથા આદેશ કરે તે સિવાય, જે કાયમી જગા ઉપર તે લિયન(ધારણાધિકાર) ધરાવતો હોય અથવા તેનુ લિયન મોકૂફ રાખવામાં આવ્યું ન હોત તો, જે લિયન ધરાવત તે જ કાયમી જગામાં તેના મૂળ પગારના સંબંધમાં અલગ રીતે અને તેણે ધરાવેલી અવેજી જગામાંના તેના પગારના સંબંધમાં, નીચેની રીતે નકકી કરવામાં આવશે:-

(ક) તમામ કર્મચારીઓના કિસ્સામાં,-

(૧) તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ વિદ્યમાન મૂળ પગારને ૧.૮૬ વડે ગુણતાં જે રકમ મળે તેને પછીના ૧૦ના ગુણાંક સુધી પૂર્ણ કરી પે-બેન્ડ(સૂચિત પગાર ધોરણ)માંનો પગાર નકકી કરવો.

(૨) સુધારેલ પે-બેન્ડનો લઘુત્તમ તબકકો ઉપરના પેટા-પરિચ્છેદ(૧)માં ઉલ્લેખેલી રકમ કરતાં વધુ હોય તો, લઘુત્તમ તબકકાને પગાર તરીકે નકકી કરવો.

પરંતુ,-

(ક) પગાર નકકી કરતી વખતે, વિદ્યમાન પગારધોરણમાં સતત બે અથવા તેથી વધુ તબકકામાં પગાર મેળવતાં સરકારી કર્મચારીનો પગાર એક જ તબકકે એકત્રિત(બન્ચીંગ)થઇ જતો હોય, એટલે કે પે-બેન્ડમાં તે જ તબકકામાં સુધારેલ પગાર ધોરણમાં નકકી થતો હોય, તો એવી રીતે એકત્રિત થતાં દરેક બે તબકકાઓ માટે, એક ઇજાફાનો લાભ આપવાનો રહેશે, જેથી કરીને સુધારેલ રનીંગ પગાર બેન્ડોમાં બેથી વધુ તબકકાઓનું એકત્રિકરણ(બન્ચીંગ) ટાળી શકાય. આ હેતુ માટે, ઇજાફાની ગણતરી પે-બેન્ડમાંના પગાર ઉપર કરવાની રહેશે. બન્ચીંગ ઓછું કરવા ઇજાફો આપવાના હેતુ માટે ગ્રેડ-પે ધ્યાનમાં લેવાનો રહેશે નહિ.

(ખ) પે-બેન્ડ પીબી-૪માંના પગાર ધોરણોના કિસ્સામાં, બન્ચીંગને લીધે ઇજાફાના લાભો, આ ગ્રેડમાંના જુદા જુદા પગાર ધોરણોના તમામ તબકકાઓને ધ્યાનમાં રાખીને, આપવાના રહેશે.

(ગ) ઉપર પ્રમાણે પગાર વધારવાથી, સરકારી કર્મચારીનો પગાર, સુધારેલ પે-બેન્ડમાં એવા તબકકે નકકી કરવામાં આવે કે જે તબકકો તે જ વિદ્યમાન પગાર ધોરણમાં પછીના વધુ ઊંચા તબકકે અથવા તબકકાઓએ પગાર મેળવતાં અન્ય કોઇ સરકારી કર્મચારીઓનો પગાર સુધારેલ પે-બેન્ડમાંના તબકકા કરતાં વધુ હોય, તો તે પાછલા કર્મચારીનો પગાર, આગલા કર્મચારીના પગાર કરતાં જેટલો ઓછો થાય તેટલા પ્રમાણમાં વધારવામાં આવશે.

(૩) પે-બેન્ડમાંનો પગાર, ઉપરની રીતે નકકી કરવામાં આવશે. પે-બેન્ડમાંના પગાર ઉપરાંત, વિદ્યમાન પગાર ધોરણને તત્સમાન ગ્રેડ-પે આપવામાં આવશે.

નોંધઃ- ઉપર્યુકત જોગવાઇઓના આધારે પગાર નકકી કરવાના હેતુ માટે, આ નિયમોની સ્પષ્ટીકરણાત્મક યાદીમાં દ્રષ્ટાંત ૧ આપેલ છે.

(ખ) ખાનગી વ્યવસાયબંધી વળતર ભથ્થું મેળવતાં સરકારી કર્મચારીના કિસ્સામાં, સુધારેલ પગાર માળખા(ધોરણ)માંનો પગાર, ઉપર ખંડ(ક)ની જોગવાઇઓ અનુસાર નકકી કરવામાં આવશે. તે સિવાય, એવા કિસ્સાઓમાં, સુધારેલ પે-બેન્ડમાંનો પગાર નકકી કરતી વખતે ઇન્ડેક્ષ એવરેજ(સરેરાશ ભાવાંક) ૫૩૬(૧૯૮૨=૧૦૦) ના દરે મળવાપાત્ર ખાનગી વ્યવસાયબંધી વળતર ભથ્થાના પ્રમાણમાં, અગાઉ સુધારેલ મોંઘવારી ભથ્થું ઉમેરવાનું રહેશે અને આવા કિસ્સામાં, એવી રીતે સુધારેલ પગાર ધોરણમાં નકકી કરેલ પગાર ઉપરાંત, તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૬ના રોજથી અથવા સુધારેલ પગાર માળખા માટેના વિકલ્પની તારીખથી, નવા દરે, ખાનગી વ્યવસાયબંધી વળતર ભથ્થું આકારવાનું રહેશે.

**નોંધઃ**- ઉપર્યુકત જોગવાઇઓના આધારે પગાર નકકી કરવાના હેતુ માટે આ નિયમોની સ્પષ્ટીકરણાત્મક યાદીમાં દ્રષ્ટાંત-૨ આપેલ છે.

નોંધ ૧ઃ-તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ રજા ઉપર હોય અને રજા પગાર માટે હકદાર હોય તેવા સરકારી કર્મચારી, તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૬થી અથવા સુધારેલ પગાર માળખા માટેના વિકલ્પની તારીખથી સુધારેલ પગાર માળખામાં પગાર મેળવવાને હકદાર થશે. તેવી જ રીતે, તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ અભ્યાસ માટેની રજા ઉપર હોય તેવા સરકારી કર્મચારી, તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૬થી અથવા વિકલ્પની તારીખથી, આ નિયમો હેઠળ લાભો મેળવવાને હકદાર થશે.

નોંધ ૨ઃ-ફરજમોકૂફી હેઠળના સરકારી કર્મચારીને, વિદ્યમાન પગાર ધોરણના આધારે નિર્વાહ-ભથ્થું મળવાનું ચાલુ રહેશે અને સુધારેલા પગાર માળખા(ધોરણ)માંનો તેનો પગાર, શિસ્તપાલનની પડતર કાર્યવાહીઓ અંગેના આખરી હુકમને અધીન રહેશે.

નોંધઃ૩ઃ-કોઇ સરકારી કર્મચારીના કિસ્સામાં, વિદ્યમાન મળતરો, સુધારેલા મળતરો કરતાં વધારે થાય ત્યારે, તફાવતને અંગત પગાર તરીકે ગણીને, ભવિષ્યમાં પગારના વધારા/ઇજાફામાં સમાવી લેવાનો રહેશે.

નોંધ ૪ઃ-પેટા-નિયમ(૧) હેઠળ પગાર નકકી કરતી વખતે, જે સરકારી કર્મચારી, વિદ્યમાન પગાર ધોરણમાં, સન ૨૦૦૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખની તરત જ પહેલા, તે જ કેડરમાં તેનાથી જુનિયર એવા અન્ય સરકારી કર્મચારી કરતાં વધારે પગાર મેળવતો હોય અને તેનો પગાર, તેવો જુનિયર જે તબકકે પગાર મેળવતો હોય તેના કરતાં નીચલા તબકકે સુધારેલા પે બેન્ડમાં નકકી થાય, ત્યારે તેનો પગાર, તે જુનિયરને મળતો હોય તેવા સુધારેલા પે બેન્ડમાં તે જ તબકકા સુધી વધારવામાં આવશે.

નોંધ ૫ ઃ-તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ અંગત પગાર મેળવતાં સરકારી કર્મચારીનો, તેના વિદ્યમાન મળતરો સાથેનો(પગાર) સુધારેલા મળતર કરતાં વધુ થાય ત્યારે, એવા વધારા અંગેના તફાવતને અંગત પગાર તરીકે ગણીને ભવિષ્યમાં પગારમાંના વધારા/ઇજાફામાં સમાવી લેવાનો રહેશે.

**નોંધ ૬**:-તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૬ પહેલા કોઇ ઉપલી જગા ઉપર બઢતી પામેલ સરકારી કર્મચારી, સુધારેલા પગાર માળખામાં, ૧લી જાન્યુઆરી,૨૦૦૬ના રોજ અથવા તે પછી ઉપલી જગા ઉપર બઢતી પામેલ તેના જુનિયર કરતાં સુધારેલ પગાર માળખામાં ઓછો પગાર મેળવે ત્યારે, તે ઉપલી જગામાંના તેના જુનિયર માટે નકકી કરેલા પે-બેન્ડમાંના પગાર જેટલી રકમ, સિનિયર સરકારી કર્મચારીના પે-બેન્ડમાંના પગારમાં વધારવાની રહેશે. આવો વધારો, નીચેની શરતો પરિપૂર્ણ કરવાને અધીન રહીને, જુનિયર સરકારી કર્મચારીની બઢતીની તારીખથી આપવાનો રહેશેઃ-

(૧) જુનિયર અને સિનિયર સરકારી કર્મચારીઓ, એ બન્ને એક જ કેડરના હોવા જોઇશે અને જે જગા ઉપર તેમને બઢતી આપવામાં આવી હોય તે જગાઓ એક જ કેડરમાં સમાન હોવી જોઇએ;

(૨) જે નીચલી અને ઉપલી જગાઓમાં તેઓ પગાર મેળવવાને હકદાર હોય તે જગાઓના સુધાર્યા પહેલાના અને સુધારેલા પગાર ધોરણો સમાન હોવા જોઇએ;

(૩) સિનિયર સરકારી કર્મચારી બઢતીના સમયે, જુનિયર જેટલો અથવા તેનાથી વધુ પગાર મેળવતા હોવા જોઇએ; અને

(૪) આ વિસંગતના ગુજરાત રાજય સેવા(પગાર) નિયમો,૨૦૦૨ના નિયમ ૧૧ અને ૧૩ અથવા સુધારેલા પગાર ધોરણમાંની આવી બઢતી ઉપર પગાર નકકી કરવાનું નિયમન કરતાં અન્ય કોઇ નિયમ અથવા હુકમની જોગવાઇઓ લાગુ પાડવાનું સીધુ પરિણામ છે. જયાં નીચલી જગા ઉપર પણ જુનિયર કર્મચારીને મળેલા કોઇ અગ્રીમ ઇજાફાની રૂએ, સુધાર્યા પહેલાના પગાર ધોરણમાં કોઇ સિનિયર કર્મચારી કરતાં વધુ પગાર મેળવતા હોય, ત્યારે સિનિયર સરકારી કર્મચારીને આ જોગવાઇ હેઠળ પગાર વધારાનો લાભ મળશે નહિ.

(૨) નિયમ-૫ ની જોગવાઇ અધિન રહીને, પેટા-નિયમ(૧) હેઠળ અવેજી જગામાં નકકી કર્યા પ્રમાણેનો પગાર, કાયમી નકકી કરેલા પગાર કરતાં ઓછો હોય, તો અવેજી પગાર, કાયમી પગારનો હોય તે જ તબકકે નકકી કરવામાં આવશે.

૮. **તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ અથવા ત્યાર પછી નવી ભરતી તરીકે નિમાયેલા કર્મચારીઓના પગાર સુધારેલા પગાર ધોરણમાં નકકી કરવા બાબતઃ-** આ નિયમોની અનુસૂચિ 'ખ' માં, તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ અથવા ત્યાર પછી, નિયત ગ્રેડ-પે ધરાવતી જગાઓ પર સીધી ભરતી કરાયેલા(કર્મચારીઓ)ના પગાર નકકી કરવામાં આવશે, જે તે પે-બેન્ડમાં દાખલ થવા સમયનો પગાર દર્શાવ્યું

તારીખ ૦૧.૦૧.૨૦૦૬ અને આ નિયમો રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખ દરમિયાન ભરતી કરાયેલા કર્મચારીઓને પણ તે લાગુ પડશે. આવા કિસ્સાઓમાં જયારે સુધાર્યા પહેલાના પગાર ધોરણમાંના મળતર(એટલે કે, સુધાર્યા પહેલાના પગાર ધોરણમાં મૂળ પગાર વત્તા મોંઘવારી પગાર વત્તા જોડાવાની તારીખે લાગુ પડવાપાત્ર મોંઘવારી ભથ્થું) સુધારેલા પગાર માળખામાં નકકી કરેલ પગાર અને તેના પર લાગુ પડવાપાત્ર મોંઘવારી ભથ્થાની રકમથી વધી જતા હોય, ત્યારે તેનો તફાવત પગારમાં ભાવિષ્યના ઇજાફામાં સમાવી લઇ પર્સનલ પે(અંગત પગાર) તરીકે મંજૂર કરવામાં આવશે.

**નોંધ ૧**:-સરકારની નિયત પગારનીતિ હેઠળ ફિકસ્ડ્ (નિર્ધારિત) પગારે ભરતી કરેલા કર્મચારીઓ અથવા કરાર આધારિત ભરતી કરેલા કર્મચારીઓને આ નિયમની જોગવાઇઓ લાગુ પડશે નહિ.

**નોંધ ૨**:-શરૂઆતના અમુક વર્ષોની મુદ્દત માટે સ્પષ્ટપણે નિયત પગાર આપવાની જેમાં જોગવાઇ કરેલી હોય, તેવા ભરતી નિયમોના આધારે સેવામાં દાખલ થતા સીધી ભરતીના કર્મચારીઓનો પગાર, સંબંધિત ભરતી નિયમોમાં નિયત કરવામાં આવેલા નિર્ધારિત પગારની મુદત પૂરી થયા બાદ જ, આ નિયમ હેઠળ નકકી કરવાનો રહેશે.

૯. **સુધારેલા પગાર ધોરણમાં ઇજાફાનો દરઃ-** સુધારેલા પગાર માળખામાં ઇજાફાનો દર, લાગુ પડવાપાત્ર પે-બેન્ડમાં પગાર અને ગ્રેડ-પેની રકમના ૩% જેટલો રહેશે, જે પછીના ૧૦ના ગુણાંકમાં પૂર્ણ કરવો જોઇશે. ઇજાફાની રકમ પે-બેન્ડમાંના વિદ્યમાન પગારમાં ઉમેરવાની રહેશે.

**નોંધઃ- ઉપર્યુકત જોગવાઇઓના આધારે પગાર નકકી કરવાના હેતુ માટે આ નિયમો સાથે જોડેલી સ્પષ્ટીકરણાત્મક યાદીમાં દૃષ્ટાંત ૩ આપવામાં આવ્યું છે.**

**૧૦. સુધારેલા પગાર માળખામાં આગામી ઇજાફાની તારીખઃ-**

(૧) વાર્ષિક ઇજાફા માટે એકસમાન તારીખ એટલે કે દરેક વર્ષની ૧લી જુલાઇ રહેશે. ૧લી જુલાઇના રોજ સુધારેલા પગાર ધોરણમાં ૭ મહિના અને તેથી વધુ સમય પૂરો થતો હોય તેવા કર્મચારીઓ ઇજાફો મેળવવાને લાયક બનશે. સુધારેલા પગાર માળખામાં તારીખઃ ૦૧/૦૧/૨૦૦૬ના રોજ પગાર નકકી કર્યા બાદ પહેલો ઇજાફો તારીખઃ૦૧/૦૭/૨૦૦૬ના રોજ એવા કર્મચારીઓ માટે આપવામાં આવશે જેમના આગામી ઇજાફાની તારીખ ૧લી જુલાઇ, ૨૦૦૬થી તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૭ની વચ્ચે આવતી હોય. તદ્નુસાર, જેમણે તેમનો છેલ્લો ઇજાફો તારીખ ૦૨/૦૧/૨૦૦૫ અને તારીખ ૦૧/૦૧/૨૦૦૬ની વચ્ચે મેળવ્યો હોય તેવા સરકારી કર્મચારીઓને તેમનો આગામી ઇજાફો તારીખ ૦૧/૦૭/૨૦૦૬ના રોજ મળશે.

(૨) જેમની આગામી ઇજાફાની તારીખ ૦૧-૦૧-૨૦૦૬ના રોજ આવતી હોય તેવા કર્મચારીઓના કિસ્સામાં, ઇજાફો સુધાર્યા પહેલાના પગાર ધોરણમાં લેવામાં આવશે અને ત્યાર પછી સુધારેલા પગાર ધોરણમાં પગાર નકકી કરવામાં આવશે. આવા સરકારી કર્મચારીઓ પણ તેમનો આગામી ઇજાફો તારીખ ૦૧-૦૭-૨૦૦૬ના રોજ મેળવશે;

પરંતુ જેઓ તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ એક વર્ષથી વધુ સમય માટે વિદ્યમાન પગાર ધોરણમાં મહત્તમ પગાર મેળવતી રહી હોય તેવી વ્યકિતના કિસ્સામાં સુધારેલા પગાર માળખામાં આગામી ઇજાફો ૧લી જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ માન્ય કરવામાં આવશે. ત્યાર પછી, નિયમ ૧૦ની જોગવાઇઓ લાગુ પડશેઃ

વધુમાં, એક કર્મચારી તેના પે-બેન્ડના મહત્તમ સ્તરે પહોંચી જાય ત્યારે તેના આવા મહત્તમ સ્તરે પહોંચ્યાના એક વર્ષ બાદ તેને આગામી ઉચ્ચતર પે-બેન્ડમાં મૂકવો જોઇશે. ઉચ્ચતર પે-બેન્ડમાં મૂકવાના સમયે તે એક ઇજાફો મેળવવાને હકદાર રહેશે. ત્યાર પછી, તે પે-બેન્ડમાં તે આગળ વધશે અને તે પીબી-૪ ના મહત્તમ પગાર સુધી પહોંચી જાય ત્યાં સુધી તે આગળ વધશે. તેના પછી ભવિષ્યમાં કોઇ વધારાના ઇજાફા મળશે નહિ.

**૧૧. સન ૨૦૦૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખ પછી સુધારેલા પગાર ધોરણમાં પગાર નિર્ધારણ કરવા બાબતઃ-** કોઇ સરકારી કર્મચારી વિદ્યમાન ધોરણમાં તેનો પગાર મેળવવાનું ચાલુ રાખે અને તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૬ પછીની તારીખે તેને સુધારેલા પગાર ધોરણમાં લેવામાં આવ્યો હોય, ત્યારે સુધારેલા પગાર ધોરણમાં પછીની તારીખથી તેનો પગાર નીચે મુજબ નકકી કરવામાં આવશેઃ-

પે બેન્ડમાંનો પગાર, પછીની તારીખે લાગુ પડવાપાત્ર મૂળ પગાર, તે તારીખે લાગુ પડવાપાત્ર મોંઘવારી પગાર અને તારીખ ૦૧.૦૧.૨૦૦૬ના રોજ લાગુ પડવાપાત્ર સધાર્યા પહેલાંના મોંઘવારી ભથ્થાના દરોના આધારે મોંઘવારી ભથ્થું ઉમેરીને ઠરાવવામાં આવશે. આ આંકડા તરત પછીના ૧૦ના ગુણાંકમાં પૂર્ણ કરવામાં આવશે અને ત્યારપછી લાગુ પડવાપાત્ર પે બેન્ડમાંનો તે પગાર બનશે. તદ્ઉપરાંત સુધાર્યા પહેલાંના પગાર ધોરણને તત્સમાન ગ્રેડ પે ચુકવવાપાત્ર થશે. જયારે સરકારી કર્મચારીને ખાસ પગાર અથવા ખાનગી વ્યવસાયબંધી બદલ વળતર ભથ્થું મળતું હોય તે કિસ્સામાં, નિયમ-૭ ના પેટા-નિયમ(૧)ના પરિચ્છેદ(ખ) મુજબની કાર્યપધ્ધતિ અનુસરવાની રહેશે. સિવાય કે ગણતરીમાં લેવાતો મૂળ પગાર અને મોંઘવારી પગાર તે તારીખે લાગુ પડવાપાત્ર મૂળ પગાર અને મોંઘવારી પગાર જ રહેશે, પરંતુ મોંઘવારી ભથ્થાંની ગણતરી તારીખ ૦૧.૦૧.૨૦૦૬ના રોજ લાગુ પડવાપાત્ર દરો મુજબ કરવાની રહેશે.

**૧૨. સન ૨૦૦૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખથી પહેલાં ધરાવેલી જગ્યા ઉપર તે તારીખ પછી ફેર નિમણૂક થયે પગાર ઠરાવવા બાબત.-**

સન ૨૦૦૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખ પહેલાં જે સરકારી કર્મચારીએ જે જગામાં અવેજીના ધોરણે કામગીરી બજાવેલી હોય, પણ તે તારીખે તે જગા ધરાવતો ન હોય અને તે જગા ઉપર પછીથી નિમણૂક થયે, સુધારેલા પગાર ધોરણમાં પગાર મેળવે તે સરકારી કર્મચારીને ગુજરાત રાજય સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ના નિયમ ૧૧ અને ૧૩ ના પરંતુકનો લાભ, જો તે સન ૨૦૦૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે તે જગા ધરાવતો હોત અને તે તારીખે તે તારીખથી તેણે સુધારેલું પગાર ધોરણ પસંદ કર્યુ હોત તો જેટલા પ્રમાણમાં મળવાપાત્ર થાત તેટલા પ્રમાણમાં આપવામાં આવશે.

**૧૩. સન ૨૦૦૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે અથવા તે તારીખ પછીની બઢતી પરનો પગાર ઠરાવવા બાબતઃ-** સુધારેલા પગાર માળખામાં એક ગ્રેડ પેમાંથી બીજા ગ્રેડ પેમાં થતી બઢતીના કિસ્સામાં સુધારેલા પગાર માળખામાં પગાર નીચેની રીતે નકકી કરવો જોઇશેઃ-

(૧) પે બેન્ડમાંના પગાર અને વિદ્યમાન ગ્રેડ પેની રકમના ૩% જેટલી રકમ, તે ગણતરી પછીના ૧૦ના ગુણાંકમાં પૂરી કરેલ રકમ જેટલો ઇજાફો આપવામાં આવશે. આ રકમ પે બેન્ડમાંના વિદ્યમાન પગારમાં ઉમેરવામાં આવશે. બઢતીની જગાને તત્સમાન ગ્રેડ પે, પે બેન્ડમાંના આ પગારની ઉપરાંત ત્યાર પછી આપવામાં આવશે. જયારે કોઇ બઢતીમાં પે બેન્ડમાં પણ કોઇ ફેરફાર થતો હોય તેવા કિસ્સામાં આ જ પદ્ધતિ અનુસરવામાં આવશે. તેમ છતાં, તેવા ઇજાફો ઉમેર્યા પછી પે બેન્ડમાંનો પગાર, જેમાં બઢતી થતી હોય તેવા પે બેન્ડના લઘુત્તમથી ઓછો હોય તો, પે બેન્ડમાંનો પગાર આવા પે બેન્ડના લઘુત્તમ સુધી વધારવામાં આવશે.

(૨) એક ગ્રેડમાંથી બીજા ગ્રેડમાં બઢતી થયે અથવા ઉચ્ચતર પગાર ધોરણ યોજના હેઠળ નાણાંકીય સુધારણાના કિસ્સામાં, સરકારી કર્મચારીને ગુજરાત રાજય સેવા(પગાર) નિયમો, ૨૦૦૨ના નિયમ ૧૨ હેઠળ તેની બઢતીની તારીખથી અથવા તેના આગામી ઇજાફાની તારીખથી એટલે કે, વર્ષના જુલાઇ મહિનાની ૧લી તારીખથી ઉચ્ચતર જગામાં તેને પગાર નકકી કરવાનો વિકલ્પ રહેશે સુધારેલા પગાર માળખામાંનો પગાર નીચેની રીતે ઠરાવવામાં આવશેઃ-

(ક) સરકારી કર્મચારી તેના આગામી ઇજાફાની તારીખથી, ઠરાવેલો તેનો પગાર મેળવવાનો વિકલ્પ પસંદ કરે તે કિસ્સામાં, બઢતીની તારીખે પે બેન્ડમાંનો પગાર ફેરફાર વિના જ રહેશે. પરંતુ ગ્રેડ પે ઉપલી જગાનો આપવામાં આવશે. ત્યાર પછીની ફેર ઠરાવણી તેના આગામી ઇજાફાની તારીખે એટલે કે ૧લી જૂલાઇના રોજ કરવામાં આવશે. તે દિવસે તેમને બે ઇજાફા આપવામાં આવશેઃ એક વાર્ષિક ઇજાફો અને બીજો બઢતીના કારણે. આ બે ઇજાફાની ગણતરી કરતી વખતે, બઢતીની તારીખ પહેલાંનો મૂળ પગાર ધ્યાનમાં લેવામાં આવશે.

**સ્પષ્ટીકરણઃ-** ઉદાહરણ તરીકે, બઢતીની તારીખ પહેલાંનો મૂળ પગાર રૂપિયા ૧૦૦/-હોય તો પહેલો ઇજાફો રૂપિયા ૧૦૦/- પર અને બીજો ઇજાફો રૂપિયા ૧૦૩/- પર ગણવામાં આવશે.

(ખ) સરકારી કર્મચારી તેની બઢતીની તારીખથી ઉચ્ચતર ગ્રેડમાં ઠરાવેલો તેનો પગાર લેવાનો વિકલ્પ પસંદ કરે તે કિસ્સામાં, જો તેની બઢતી ૨જી જુલાઇ અને ૧લી જાન્યુઆરી વચ્ચે થઇ હોય તો તેને ઉચ્ચતર ગ્રેડમાં પહેલો ઇજાફો પછીની ૧લી જૂલાઇ ના રોજ મળશે. તેમ છતાં, તેની બઢતી જે તે વર્ષની ૨જી જાન્યુઆરી અને ૩૦મી જૂન વચ્ચે થઇ હોય તો તેને પહેલો ઇજાફો પછીના વર્ષની ૧લી જૂલાઇના રોજ મળશે.

**૧૪. પ્રતિનિયુકિત પર હોય અને પ્રતિનિયુકિત ચાલુ હોય તે દરમિયાન પોતાના સંવર્ગથી ઉપરના સંવર્ગમાં બઢતી આપી હોય તેવા સરકારી કર્મચારીઓના પગાર ઠરાવવા બાબતઃ-**

(૧) તારીખ ૦૧.૦૧.૦૬ના રોજ પ્રતિનિયુકિત પર હોય અને તારીખ ૦૧.૦૧.૦૬ પછી પોતાના સંવર્ગમાંની ઉપલી જગા પર બઢતી આપેલી હોય પણ 'નિમ્ન અવર સંબંધી નિયમ' હેઠળ તેને પ્રોફોર્મા બઢતી આપેલી ન હોય તે કિસ્સામાં, તેવા સરકારી કર્મચારીનો પગાર, તે કર્મચારી તા.૧/૧/૦૬ના રોજ જે ગ્રેડ ધરાવતો હોય તેમાં તા.૧/૧/૦૬ની અસરથી નિયત કરવામાં આવશે.

(૨) 'નિમ્ન અવર સંબંધી નિયમ' હેઠળ સરકારી કર્મચારીને પ્રોફોર્મા બઢતી આપેલી હોય તેવા કિસ્સામાં, તેનો પગાર નીચેના પેટા-નિયમ(૩)માં નિર્દિષ્ટ કર્યા મુજબના "નિમ્ન અવર સંબંધી નિયમ" ની જોગવાઇઓનો ઉપયોગ કરીને નકકી કરવામાં આવશે.

(૩) સુધારેલા પગાર માળખામાં સરકારી કર્મચારીના પગારનું નિયમન, "નિમ્ન અવર સંબંધી નિયમ" હેઠળ તેને પ્રોફોર્મા બઢતી આપ્યે, નીચેની રીતે કરવામાં આવશેઃ-

કોઇ જગાની પ્રતિનિયુકિત પર હોય તેવો સરકારી કર્મચારી ઉપલા ગ્રેડમાંની જગાના પોતાના સંવર્ગમાં બઢતી પામે તે કિસ્સામાં પે બેન્ડમાંનો તેનો પગાર તેની સેવાના સંવર્ગમાં પોતાનાથી તરત જ જુનિયર હોય તેવા કર્મચારીના પે-બેન્ડમાંના પગારના સંદર્ભમાં નકકી કરવામાં આવશે. તેમ છતાં, ઉકત સરકારી કર્મચારીને પ્રતિનિયુકિતના બાકીના સમયગાળા માટે પ્રતિનિયુકિતની જગાને સંકળાયેલા ગ્રેડ-પે મળવાનું ચાલુ રહેશે.

**૧૫. નીચલી જગા પર પ્રતિનિયુકિત પર જતા સરકારી કર્મચારીઓના પગાર નકકી કરવા બાબતઃ-** કોઇ સરકારી કર્મચારી નીચલો ગ્રેડ-પે ધરાવતી જગા પર પ્રતિનિયુકિત પર જાય તે કિસ્સામાં, પે બેન્ડમાંનો તેનો પગાર કોઇ ફેરફાર વગર ચાલુ રહેશે પરંતુ પ્રતિનિયુકિતના સમગ્ર સમયગાળા માટે તેને નીચલી જગાનો ગ્રેડ-પે આપવામાં આવશે.

**૧૬. પગારની પાછલી લેણી થતી રકમની ચૂકવણીની રીતઃ-**

પગારની પાછલી લેણી થતી કુલ રકમ, દરેક હપ્તા માટે પાંચ વર્ષના 'સ્થગિત સમયગાળા' સાથેના પાંચ સરખા વાર્ષિક હપ્તામાં સંબંધિત સરકારી કર્મચારીના સામાન્ય ભવિષ્યનિધિ ખાતામાં જમા કરવામાં આવશે,-

**સ્પષ્ટીકરણઃ**- આ નિયમના હેતુઓ માટે-

(ક) સરકારી કર્મચારીના સંબંધમાં 'પગાર તફાવતની રકમ' એટલે નીચેના વચ્ચેનો તફાવત-

(૧) આ નિયમો હેઠળ, સંબંધિત મુદત માટે, પોતાના પગાર અને ભથ્થામાં સુધારણાને કારણે, તે જે પગાર અને ભથ્થાં મેળવવા હકદાર હોય તેની એકંદર રકમ, સુધારેલા ભથ્થાં(મોંઘવારી ભથ્થા અને ખાનગી વ્યવસાયબંધી બદલ વળતર ભથ્થુ સિવાયના) ૧લી એપ્રિલ ૨૦૦૯થી જ ચૂકવવાપાત્ર ગણાશે, અને,

(૨) પોતાના પગાર અને ભથ્થા એવી રીતે સુધારવામાં આવ્યા ન હોત તો, તે મુદત માટે તે જે પગાર અને ભથ્થા (આવો પગાર અને ભથ્થા મળેલા હોય કે ન હોય તો પણ) મેળવવા હકદાર થાય તેની એકંદર રકમ

(ખ) "સંબંધિત મુદત" એટલે સન ૨૦૦૬ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખથી શરૂ થતી અને સન ૨૦૦૯ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે પૂરી થતી મુદત.

**૧૭. નિયમોની ચઢિયાતી અસર -**

આ નિયમો હેઠળ પગાર નિયમિત કરવામાં આવે તે કિસ્સાઓમાં, ગુજરાત મુલકી સેવા નિયમ, ૨૦૦૨; ગુજરાત મુલકી સેવા(પગાર સુધારણા)નિયમો ૧૯૬૧; ગુજરાત મુલકી સેવા(પગાર સુધારણા)નિયમો ૧૯૬૯; ગુજરાત મુલકી સેવા (પગાર સુધારણા)નિયમો ૧૯૭૫; ગુજરાત મુલકી સેવા(પગાર સુધારણા)નિયમો ૧૯૮૭ અને ગુજરાત મુલકી સેવા (પગાર સુધારણા)નિયમો ૧૯૯૮ની જોગવાઇઓ, આ નિયમોમાં અન્યથા જોગવાઇ કરી હોય તે સિવાય, જેટલે સુધી તે આ નિયમો સાથે અસંગત હોય તેટલે સુધી લાગુ પડશે નહિ.

**૧૮. છૂટછાટ મૂકવાની સત્તા-**

સરકારને એવી ખાતરી થાય કે આ નિયમોની તમામ અથવા તે પૈકીની કોઇ જોગવાઇનો અમલ કરવાથી કોઇ ચોક્કસ કિસ્સામાં, અયોગ્ય હાડમારી થાય છે, ત્યારે તે, હુકમ કરીને આવા કિસ્સાની વાજબી અને ન્યાયી રીતે તજવીજ કરવા માટે પોતાને જરૂરી જણાય તેટલે સુધી અને તેવી શરતોને અધીન રહીને, તે નિયમની આવશ્યકતાઓ વિના ચલાવી લઇ શકશે અથવા તેમાં છૂટછાટ મૂકી શકશે.

**૧૯. અર્થઘટન-**

આ નિયમોની જોગવાઇઓ પૈકીની કોઇપણ જોગવાઇના અર્થઘટનને લગતો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય, તો તે, પ્રશ્ન નિર્ણય અર્થે સરકારને લખી જણાવવામાં આવશે.

## અનુસૂચિ - ક
(જુઓ નિયમો ૩ અને ૪)

ભાગ ક

અનુસૂચિ ગ ના કોલમ (૩), (૫) અને (૬)માં જણાવેલા હાલના પગાર ધોરણ, સુધારેલા પે બેન્ડ અને ગ્રેડ પે

(રૂપિયામાં)

| હાલનું પગાર ધોરણ | | સુધારેલ પગાર માળખું | | |
|---|---|---|---|---|
| ક્રમાંક | હાલનું પગાર ધોરણ | પે બેન્ડ/ પગાર ધોરણનું નામ | તત્સમાન પે બેન્ડ/ પગાર ધોરણ | તત્સમાન ગ્રેડ પે |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | ૨૫૫૦-૫૫-૨૬૬૦-૬૦-૩૨૦૦ | -૧એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ |
| ૨ | ૨૬૧૦-૬૦-૩૧૫૦-૬૫-૩૫૪૦ | -૧એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૪૦૦ |
| ૩ | ૨૬૫૦-૬૫-૩૩૦૦-૭૦-૪૦૦૦ | -૧એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૬૫૦ |
| ૪ | ૨૭૫૦-૭૦-૩૮૦૦-૭૫-૪૪૦૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૮૦૦ |
| ૫ | ૩૦૫૦-૭૫-૩૯૫૦-૮૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ |
| ૬ | ૩૨૦૦-૮૫-૪૯૦૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૦૦૦ |
| ૭ | ૪૦૦૦-૧૦૦-૬૦૦૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ |
| ૮ | ૪૫૦૦-૧૨૫-૭૦૦૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ |
| ૯ | ૫૦૦૦-૧૫૦-૮૦૦૦ | પીબી-૨ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ |
| ૧૦ | ૫૫૦૦-૧૭૫-૯૦૦૦ | પીબી-૨ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ |
| ૧૧ | ૬૫૦૦-૨૦૦-૧૦૫૦૦ | પીબી-૨ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ |
| ૧૨ | ૮૦૦૦-૨૭૫-૧૩૫૦૦ | * પીબી-૨<br>** પીબી -૩ | * ૯૩૦૦-૩૪૮૦૦<br>**૧૫૬૦૦-૩૯૧૦૦ | *૫૪૦૦<br>**૫૪૦૦ |
| ૧૩ | ૮૦૦૦-૨૭૫-૧૪૦૫૦# | * પીબી-૨<br>** પીબી-૩ | * ૯૩૦૦-૩૪૮૦૦<br>**૧૫૬૦૦-૩૯૧૦૦ | *૫૪૦૦<br>**૫૪૦૦ |
| ૧૪ | ૮૫૦૦-૨૭૫-૧૪૦૦૦# | * પીબી-૨<br>**પીબી -૩ | * ૯૩૦૦-૩૪૮૦૦<br>**૧૫૬૦૦-૩૯૧૦૦ | *૫૪૦૦<br>**૫૪૦૦ |
| ૧૫ | ૧૦૦૦૦-૩૨૫-૧૫૨૦૦ | પીબી-૩ | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૬૬૦૦ |
| ૧૬ | ૧૨૦૦૦-૩૭૫-૧૬૫૦૦# | પીબી-૩ | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૭૬૦૦ |
| ૧૭ | ૧૪૩૦૦-૪૦૦-૧૮૩૦૦# | પીબી-૪ | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૮૭૦૦ |
| ૧૮ | ૧૬૦૦૦-૪૫૦-૨૦૦૫૦# | પીબી-૪ | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૮૯૦૦ |
| ૧૯ | ૧૮૪૦૦-૫૦૦-૨૨૪૦૦ | પીબી-૪ | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૧૦૦૦૦ |
| ૨૦ | ૨૨૪૦૦-૫૨૫-૨૪૫૦૦ | પીબી-૪ | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૧૨૦૦૦ |

# હાલનું કામચલાઉ પગાર ધોરણ

(૧) * જો જગા વર્ગ-૨ સંવર્ગની હોય તો

(૨) ** જો જગા વર્ગ-૧ સંવર્ગની હોય તો

## ભાગ - ખ

નીચેના ધોરણો ભારત સરકાર / યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન/ ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન / ઇન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ આધારિત અને કામચલાઉ છે. અનુસૂચિ ગના કોલમ (૩), (૫) અને (૬)માં જણાવ્યા મુજબનું હાલનું પગાર ધોરણ, સુધારેલ પે બેન્ડ અને ગ્રેડ પે ની વિગતો.

(રૂપિયામાં)

| હાલનું પગાર ધોરણ | | સુધારેલ પગાર માળખું | | |
|---|---|---|---|---|
| ક્રમાંક | હાલનું પગાર ધોરણ | પે બેન્ડ/ પગાર ધોરણનું નામ | તત્સમાન પે બેન્ડ/પગાર ધોરણ | તત્સમાન ગ્રેડ પે |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | રૂ.૫૫૦૦-૧૭૫-૯૦૦૦ | પીબી-૨ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ |
| ૨ | રૂ.૮૦૦૦-૨૭૫-૧૩૫૦૦ | * પીબી-૨<br>**પીબી-૩ | * ૯૩૦૦-૩૪૮૦૦<br>**૧૫૬૦૦-૩૯૧૦૦ | *૫૪૦૦<br>**૫૪૦૦ |
| ૩ | રૂ.૧૦૦૦૦-૩૨૫-૧૫૨૦૦ | પીબી-૩ | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૬૬૦૦ |
| ૪ | રૂ.૧૨૦૦૦-૪૨૦-૧૮૩૦૦ | પીબી-૩ | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૭૬૦૦ |
| ૫ | રૂ.૧૬૪૦૦-૪૫૦-૨૦૦૦૦ | પીબી-૪ | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૮૯૦૦ |
| ૬ | રૂ.૧૬૪૦૦-૪૫૦-૨૦૯૦૦-૫૦૦-૨૨૪૦૦ | પીબી-૪ | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૮૯૦૦ |
| ૭ | રૂ.૧૮૪૦૦-૫૦૦-૨૨૪૦૦ | પીબી-૪ | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૧૦૦૦૦ |
| ૮ | રૂ.૨૨૪૦૦-૫૨૫-૨૪૫૦૦ | પીબી-૪ | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૧૨૦૦૦ |

(૧) * જો જગા વર્ગ-૨ સંવર્ગની હોય તો

(૨) ** જો જગા વર્ગ-૧ સંવર્ગની હોય તો

## અનુસૂચિ - ખ

(જુઓ નિયમ ૮)

તારીખ: ૦૧/૦૧/૨૦૦૬ના રોજ અથવા તે પછી સરકારની નિયત પગાર નીતિઓ હેઠળ ભરતી થયેલી હોય અથવા કરાર આધારિત ભરતી થયેલી હોય તે સિવાયની સીધી ભરતીથી નીમાયેલી વ્યક્તિઓ માટે સુધારેલા પગાર માળખામાં શરૂઆતનો પગાર.

### ૧ એસ (૪૪૪૦-૭૪૪૦)

(રૂપિયામાં)

| ગ્રેડ પે | પે બેન્ડમાં પગાર | કુલ |
|---|---|---|
| ૧,૩૦૦ | ૪,૪૪૦ | ૫,૭૪૦ |

### પીબી-૧(૫૨૦૦-૨૦૨૦૦)

(રૂપિયામાં)

| ગ્રેડ પે | પે બેન્ડમાં પગાર | કુલ |
|---|---|---|
| ૧,૮૦૦ | ૫,૨૦૦ | ૭,૦૦૦ |
| ૧,૯૦૦ | ૫,૮૩૦ | ૭,૭૩૦ |
| ૨,૦૦૦ | ૬,૪૬૦ | ૮,૪૬૦ |
| ૨,૪૦૦ | ૭,૫૧૦ | ૯,૯૧૦ |
| ૨,૮૦૦ | ૮,૫૬૦ | ૧૧,૩૬૦ |

### પીબી-૨(૯૩૦૦-૩૪૮૦૦)

(રૂપિયામાં)

| ગ્રેડ પે | પે બેન્ડમાં પગાર | કુલ |
|---|---|---|
| ૪,૨૦૦ | ૯,૩૦૦ | ૧૩,૫૦૦ |
| ૫૪૦૦ | ૧૪૨૪૦ | ૧૯૬૪૦ |

### પીબી-૩ (૧૫૬૦૦-૩૯૧૦૦)

(રૂપિયામાં)

| ગ્રેડ પે | પે બેન્ડમાં પગાર | કુલ |
|---|---|---|
| ૫,૪૦૦ | ૧૫,૬૦૦ | ૨૧,૦૦૦ |
| ૬,૬૦૦ | ૧૮,૭૫૦ | ૨૫,૩૫૦ |
| ૭,૬૦૦ | ૨૧,૯૦૦ | ૨૯,૫૦૦ |

### પીબી-૪ (૩૭૪૦૦-૬૭૦૦૦)

(રૂપિયામાં)

| ગ્રેડ પે | પે બેન્ડમાં પગાર | કુલ |
|---|---|---|
| ૮,૭૦૦ | ૩૭,૪૦૦ | ૪૬,૧૦૦ |
| ૮,૯૦૦ | ૪૦,૨૦૦ | ૪૯,૧૦૦ |
| ૧૦,૦૦૦ | ૪૩,૦૦૦ | ૫૩,૦૦૦ |
| ૧૨,૦૦૦ | ૪૭,૧૦૦ | ૫૯,૧૦૦ |

**નોંધ:** અમુક ચોક્કસ વર્ષોની પ્રારંભિક મુદત દરમિયાન નિયત પગાર આપવા માટેની નિર્દિષ્ટ રીતે જોગવાઈ કરતા હોય તે ભરતી નિયમોને આધારે સીધી ભરતીથી નોકરીમાં દાખલ થતી વ્યક્તિઓનો પગાર, સંબંધિત ભરતી નિયમોમાં નિયત કરેલી એવી બાંધ્યા પગારની મુદત પૂરી થયા પછી જ ઉપર મુજબ ઠરાવી શકાશે.